**Saarth E-Journal**

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.7 No.08

Impact Factor
Quarterly
July-Aug-Sep2022

## ૧૯મી સદી દરમિયાન ગુજરાતમાં થયેલ સમાજસુધારાની પ્રક્રિયા

**પ્રો. સૂર્યકાન્ત ડાહ્યાભાઈ નકુમ**

### આપણા દેશને ગુજરાત નામ કયારે મળ્યું?

જેની પશ્ચિમે અરબી સમુદ્ર છે, વાયવ્ય દિશામાં કચ્છનો અખાત છે, ઉત્તરમાં કચ્છનું નાનું રણ અને મારવાડ છે, ઈશાન ખૂણામાં આબુ, મેવાડ અને અરવલ્લીની ટેકરીઓ છે, પૂર્વમાં એક તરફ વિંધ્યા - ચળની ટેકરીઓવાળા વનપ્રદેશો, વચ્ચે વડોદરાથી રતલામનો રાજમાર્ગ અને દક્ષિણ તરફ સાતપુડાની આગળ વધી આવેલી ટેકરીઓ છે અને દક્ષિણમાં કેટલાકને મતે તાપી નદી, પણ ભાષા તરફ જોતાં એથી દક્ષિણમાં સો માઈલ આગળ વલસાડ અને પારડી પછીનો લગભગ સહ્યાદ્રિની દરિયા સુધી ધસી આવેલી દીવાલથી શરૂ થતો ઉત્તર કોંકણનો પ્રદેશ છે, તે દેશ હાલમાં ગુજરાત નામથી એળખાય છે.

ગુજરાતની હદ ઉપર પ્રમાણે જ ભૂતકાળમાં હંમેશાં નહેતી, તો બીજી તરફથી પ્રાચીનકાળમાં હાલના ગુજરાતનો કોઈ પ્રદેશ ગુજરાત નામથી નહોતો ઓળખાતો; પણ આનર્ત, સુરાષ્ટ્ર અને લાટ એ ત્રણ નામથી ગુજરાતના જુદા જુદા ભાગો ઓળખાતા, (૧) વડનગર અને તેની આસપાસનો પ્રદેશ એ આનર્ત. વડનગરનો આનર્તપુર નામથી નાગરખંડમાં તથા વલભી સમયના ઉત્કીર્ણ લેખોમાં પણ ઉલ્લેખ મળે છે.ભૂતકાળમાં એથી ઊંડા ઊતરતાં ક્ષત્રપ રુદ્રદામાના ગિરનારના ઈ. સ. ૧૫૦ના શિલાલેખમાં આનર્ત અને સુરાષ્ટ્રનો એક સાથે ઉલ્લેખ દેખાય છે. વળી રુદ્રાદામા રાજાએ ‘‘સુવિશાખ'' નામના પલ્હવને સમસ્ત આનર્તઅને સુરાષ્ટ્રનો સૂબો નીમ્યાયો હતો; એવું પણ એ લેખમાં કહેલું છે; એ ઉપરથી સુરાષ્ટ્ર અને આનર્ત,એક સાથે જેના ઉપર હકુમત ચલાવી શકાય એવા પાસે પાસેના દેશો હોવા જોઈએ. એમ સિદ્ધ થાય છે. હવે સુરાષ્ટ્ર સોરઠ (પ્રાકૃતમાં સુરઠ) નામ ગિરનારની આસપાસના તથા ત્યાંથી દરિયાકાંઠા સુધીના પ્રદેશ માટે કેટલીકવાર વપરાયું છે ત્યારે કેટલીક વાર આખા કાઠિયાવાડ માટે પણ વપરાયેલ છે. ઉપરના લેખમાં સુરાષ્ટ્ર અને આનર્ત બે જ નામો છે. ત્યારે યુવાનચુવાંગ વલભીથી સોરઠને ભિન્ન ગણે છે. મતલબ કે ગિરનારના લેખમાં કાઠિયાવાડ આખાને સુરાષ્ટ્ર અને વડનગરની આસપાસના પ્રદેશને આનર્ત કહેલ છે. વળી આનર્તમાં હાલના અમદાવાદની આસ - પાસના પ્રદેશનો કે સાબરમતીકાંઠાનો સમાવેશ ત્યારે નહોતો થતો એમ શ્વભ્રનો જુદો ઉલ્લેખ એ લેખમાં છે એ ઉપરથી લાગે છે. આ લેખમાં લાટનો ઉલ્લેખ નથી પણ તેને બદલે અપરાન્ત છે. અને અપરાન્ત એટલે મહીથી આરંભી છેક ગોઆ સુધીનો પશ્ચિમકાંઠો એમ પં. ભગવાનલાલ ઈન્દ્રજીનો મત છે.

લાટ - શબ્દ ઈ. સ. ૧૫૦ પછી પ્રચારમાં આવ્યો હોવો જોઈએ. કારણ કે ઉપર કહેલા ગિરનારના લેખમાં અપરાન્ત છે અને લાટ નથી. વળી મહાભારત વગેરે પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં પણ લાટ - શબ્દ મળતો નથી. લાટનો જૂનામાં જૂનો ઉલ્લેખ વાત્સ્યાયનના

કામસૂત્રનો છે અને એ ગ્રન્થ વિદ્વાનોના બહુમતે ઈ. સ. ત્રીજા શતકનો ગણાય છે. આથી જૂનો લેખ તો એક જ મળે છે અને તે ટોલેમી (ઇ. સ. ૧૫૦) એ કરેલો 'લારિક' (Larike)નો ઉલ્લેખ. સંસ્કૃત લાટ કે લાટક જેવા શબ્દનું આ પરદેશી ઉચ્ચારણ જણાય છે. પણ ઈ. સ. ત્રીજા શતક પછી સંસ્કૃત સાહિત્યમાં તથા ઉત્કીર્ણ લેખોમાં લાટના ચાલુ ઉલ્લેખો મળે છે. ઈ. સ. છઠ્ઠા શતકમાં વરાહમિહિર લાટ દેશનો ઉલ્લેખ કરે છે. પાંચમા શતકના અજન્તાના ઉત્કીર્ણ લેખમાં તથા દશપુરના ઈ. સ. ૪૭૩ (વિ. સંપ૨૯)ના કુમારગુપ્તના તથા બુધવર્મનના શિલાલેખમાં લાટ વિષયનો ઉલ્લેખ છે. અને ઈ. સ. સાતમા શતકના કવિ બાણના હર્ષચરિત્રમાં પણ લાટનો ઉલ્લેખ છે. પછી ઈ. સ. ૭૦૦થી ૧૨૦૦ સુધીના ચાલુકય, ગુર્જર અને રાષ્ટ્રકૂટ રાજાઓના ઉત્કીર્ણ લેખોમાં તથા તે સમયના આરબ મુસાફરો તથા લેખકોનાં લખાણમાં લાટનો ઉલ્લેખ સામાન્ય છે. અને લાટ દેશની સાધારણ સીમા પણ મહીથી તાપી સુધી ગણાય છે. જો કે લાટના અમુક રાષ્ટ્રકૂટ રાજાઓના રાજ્યની હદ છેક ખેડા જિલ્લા સુધી પણ લંબાતાં ગુજરાતનો એ બધો પ્રદેશ લાટેશ્વર મંડલ કહેવાતો.એટલું જ નહિ પણ રાષ્ટ્રકૂટ રાજા ગાવિંદ ચોથાના શક સં. ૮૫૫ (વિ. સં. ૯૮૯)ના દાનપત્રમાં ખેટક મંડલ એટલે હાલના ખેડાને લાટ દેશની અંદર આવેલું કહ્યું છે. અને જો ગ્વાલિયરના એક ઉત્કીર્ણ લેખમાં કનોજના રાજા રામભદ્ર કે રામદેવ (ઈ. સ. ૮૨૫ થી ૮૪૦)ના એક સરદાર અલ્લને લાટમંડલઅંતર્ગત આનંદપુર વિનિગર્ત કહ્યો છે. મતબલ કે, ઈ. સ. નવમા અને દશમા શતકમાં (લગભગ દશમા શતકના મધ્ય સુધી) મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત પણ લાટ દેશના નામથી ઓળખતો. પણ લાટમાં રહીને ગુજરાત ઉપર રાજય કરનાર રાજાઓએ પોતાની સત્તા નીચેના આખા પ્રદેશને અપાયેલું એ નામ છે. એ નામ સમયની આગળ પાછળ એ આખાપ્રદેશ માટે નથી વપરાયું. સામાન્ય રીતે મહીથી નર્મદા કે બહુ તો તાપી સુધીના પ્રદેશનુ નામ લાટ. પ્રાચીનતર અપરાન્તનો તે એક ભાગ.

અપરાન્ત - પુરાણોમાં અને મહાભારતમાં પણ પશ્ચિમના આ દરિયાકાંઠાને અપરાન્ત નામ આપ્યું છે. ઉત્કીર્ણ લેખોમાં પણ રુદ્રદામાના ઉપર કહેલા લેખ પહેલાં ઈ. સ. પૂર્વે ૨૫ લગભગના નાસિકની ત્રીજી ગુફામાં આવેલા વાસિષ્ઠી પુત્ર પુલુમાયીના ૧૯મા વર્ષના લેખમાં સુરઠ (સુરાષ્ટ્ર) અને અપરાન્તનનો ઉલ્લેખ છેઅને એથી પહેલાં મૌર્ય - અશોકના શિલાલેખમાં અપરાન્તનો ઉલ્લેખ છે. એ જોતાં ઈ. સ. પૂર્વે ત્રીજા શતકમાં પશ્ચિમકાંઠાનો ઘણું કરી મહીથી છેક ગોઆ સુધીનો ભાગ અપરાન્ત કહેવાતો હશે એમ લાગે છે. પાછળથી લાટ, ઉત્તર કોંકણ અને દક્ષિણ કોંકણ એ રીતે એના ત્રણ ભાગ પ્રસિદ્ધ થયા છે.

સુરાષ્ટ્ર – મૂળ સુસૂનો દેશ પછી સૌરાષ્ટ્ર જેવું સંસ્કૃતરૂપ થયું એમ ગેઝીટિયરમાં કહ્યું છે; પણ નાસિકની ત્રીજી ગુફામાં વાસિષ્ઠી પુત્ર પુલુમાયીના લગભગ ઈ. સ. પૂર્વે ૨૫ના શિલાલેખમાં સુરઠ નામ. મળે છે. એ જોતાં સુરાષ્ટ્ર એ સુરઠનું જ સંસ્કૃત રૂપ છે એમ માનવું એ વધારે યોગ્ય લાગે છે. અને મહારાષ્ટ્ર નામ મહારાઠ અથવા મહારાઠી કે રઠી ઉપરથી નીકળ્યું છે અને પહેલાં રટ્ટ – રઠ અને પછી મહારાઠ એ જાતિવાચક નામ ઉપરથી મહારાષ્ટ્ર પડ્યું છે. એવો ડૉ. રા. ગો. ભાંડારકરનો મત યથાર્થ હોય તો રઠજાતિને મહાને બદલે સુલાગી સુરઠ થયું હોવું જોઈએ. પણ ડૉ. ભાંડારકરને આ વિચારણા વડે મરાઠા લોકો, રાષ્ટ્રકૂટ વંશ અને મહારાષ્ટ્ર દેશ બધાનો ખુલાસો મળી શકયો છે. સુરઠમાં એ સ્થિતિ નથી. અને સુરટ્ટ જેવી કોઈ જાતિ વિષે જૂનો ઉલ્લેખ મળ્યો નથી. શ્રીકાશીપ્રસાદ જયસ્વાલ તો કહે છે કે, ગુજરાતના આભીરો એ જ અશોકના લેખના રાષ્ટ્રીકો અને મહાભારતના યાદવો.એ સાચું હોય તો યાદવો સુરાષ્ટ્રમાં વસ્યા તે પછી તેના રાષ્ટ્રીય નામ ઉપરથી જ એ દેશ સુરાષ્ટ્ર કહેવાયો હોય એમ પણ સંભવે.

સ્થળ-કાળના સંદર્ભમાં સમાજ-જીવનમાં આવતાં પરિવર્તનોના સ્વરૂપની પૃચ્છા તરીકે ઇતિહાસના અભ્યાસને પટાવીએ તો જણાશે કે ૧૯ મી સદીના પ્રથમ દાયકાઓમાં ગુજરાતમાં બ્રિટિશ શાસનની સ્થાપના થઈ તેની સાથે અહીના સામાજિક-સાંસ્કૃતિક જીવનમાં પરિવર્તન આવવા લાગ્યું. ૧૯મી સદી દરમિયાન ભારતમાં વિસ્તરતા બ્રિટિશશાસન સાથે ભારતનો પ્રાગઔદ્યૌગિક સમાજ, ઔદ્યોગિક સમાજમાં પરિવર્તિત થતા એવા બ્રિટિશ સમાજના પરોક્ષ સંપર્કમાં આવવા લાગ્યો. મુંબઈ જેવા નવા વિકસતા વહીવટી-વ્યાપારી કેન્દ્ર નજીક ગુજરાત હોવાથી અને મુંબઈમાં આવતાં આર્થિક પરિવર્તન માટે પણ ગુજરાતીઓનો ફાળો મહત્વનો હોવાથી, ગુજરાતના શહેરી સમાજ પર આ પરિવર્તનોની અસર વિશેષ વર્તાવા લાગી, જેનો સ્પષ્ટ ખ્યાલ ગુજરાતી ભાષા-સાહિત્યને ક્ષેત્રે થયેલા વિકાસ પરથી આવે છે. સાહિત્ય તત્કાલીન સામાજિક ચેતનાના વિવિધ સારીને ઝીલતું મોય છે. સાથે સાથે સામાજિક ચેતનામાં પણ પરિવર્તન લાવવામાં તેનો ફાળો મહત્ત્વનો હોય છે. મધ્યકાલીન કે અર્વાચીન સાહિત્ય અને તેનાં વિવિધ સ્વરૂપોને સમજવા માટે

સમાજના માળખા-સંરચનાનું સ્વરૂપ સમજવું જરૂરી છે. સાહિત્યિક અને સામાજિક સંરચના એકબીજાનાં પૂરક હોવાથી તેમનામાં આવતા પરિવર્તનોની ગતિ પણ એકબીજાને પૂરક બનતી હોય છે. જોકે આ વિધાન સમગ્ર સમાજને લાગુ પાડી ન શકાય. પરંતુ સમાજનો જે વર્ગ રાજકીય, આર્થિક, શૈક્ષણિક કે બીજાં પરિબળોને લીધે નવાં પરિવર્તનો પ્રત્યે ખુલ્લો હોય છે. તેના પર વિશેષ અસર થતી હોય છે. આમ પ્રણાલિગત સમાજ અને તેના સાહિત્યની સાથે સાથે પરિવર્તન પામતા સમાજ અને તેના સાહિત્યની સંરચનાના એકબીજા પર પડતા પ્રભાવ દ્વારા તત્કાલીન સમાજ અને સાહિત્યને સમગ્ર રીતે તપાસી શકાય.

સામાન્ય રીતે પ્રણાલિગત સમાજનાં મુખ્ય પાસાંમાં કુટુંબધર્મ, શિક્ષણ અને વ્યવસાયનો સમાવેશ કરી શકાય. આ ચારે પાસાં એકબીજાને પૂરક હોવાથી તેમના આંતરસંબંધોમાંથી પ્રણાલિગત સમાજની સંરચના આકાર લેતી હોય છે. બ્રિટિશશાસન પહેલાં ભારતમાં સામાજિક ક્ષેત્રે એકદરે રાજ્યની દરમિયાનગીરી મર્યાદિત હતી. મહદ્અંશે રાજ્ય એક કવચ તરીકે આ સંરચનાને ટકાવતું હતું. પરંતુ જ્યારે જ્યારે રાજ્ય કે સરકાર અસ્થિર બનતી ત્યારે તેની અસર સામાજિક સંરચના પર વિશેષ પડતી. બીજી બાજુ, પ્રાકૃતિક પરિબળોની અસર પણ સામાજિક સંરચના પર થોડીઘણી પડતી હતી.

ગુજરાતમાં બ્રિટિશ-હકૂમતની સ્થાપના થઈ તે વખતે સમાજમાં સંયુક્ત કુટુંબપ્રથા, સંપ્રદાયો, પ્રણાલિગત વ્યવસાય અને મર્યાદિત જીવનદૃષ્ટિ સાથે ધર્મને નામે વહેમ, જડ રૂઢિઓ અને અમાનવીય વ્યવહાર જોવા મળે છે. શાસ્ત્રને જ પ્રમાણ ગણીને આપવામાં આવતું ઉચ્ચ શિક્ષણ માત્ર બ્રાહ્મણ વર્ગ પૂરતું જ મર્યાદિત હતું. લેખાં- જેખાં કે ગણિતનું પ્રાથમિક શિક્ષણ લેનારો વર્ગ માત્ર ઉપલા વર્ણનો હતો. ખેતીપ્રધાન સમાજમાં વ્યાપાર સાથે ખેતીના વ્યવસાય અને આનુસંગિક હસ્ત ઉદ્યોગોનું મહત્ત્વ હતું, મર્યાદિત વાહન-વ્યવહારનાં સાધનોને લીધે સામાજિક તરલતાનો અભાવ હતો. ભૌતિક તેમ જ સામાજિક તરલતાને અભાવે સમાજની માનસિક ક્ષિતિજ મર્યાદિત બની હતી. પરિણાને તેની સાહિત્યિક અભિવ્યક્તિનું સ્વરૂપ પણ મુખ્યત્વે મોક્ષગામી અને અંતર્મુખીરહ્યું. જીવનના સત્ત્વને ટકાવવા પદ્યસ્વરૂપમાં રચાયેલા સાહિત્યે તેમાં મહત્ત્વનો ફાળો આપ્યો. ક્યારેક ભક્તિને નામે સ્થૂળ આનંદને પદ્યસ્વરૂપ આપીને પ્રકૃતિ સાથે વણાયેલી બહુરંગી જીવનની ઝાંખી પણ આ સમયના સાહિત્યમાં જેવા મળે છે. આમ સાહિત્યની સંરચના અને સામાજિક સંરચના એકબીજાને પોષક બન્યા. આ વખતે પરિવર્તનની ગતિ ખૂબ પીમી હતી.

અંગ્રેજી હકૂમતથી સૌપ્રથમનો રાજકીય અસ્થિરતાનો અંત આવ્યો. સમાજને સુરક્ષા અને શાંતિનો અનુભવ થવા લાગ્યો. તેથી બ્રિટિશશાસનનું મહત્ત્વ હવે પ્રણાલિગત સમાજને સમજાયું. હમાં સુધી સામાજિક સંરચના પર રાજ્યની પ્રવૃત્તિની વિશેષ અસર પડતી ન હતી. બ્રિટિશ કૂમતે રાજકીય સ્થિરતા, સુરક્ષા અને શાંતિ તો સ્થાપ્યો પરંતુ પ્રણાલિગત સમાજની કુટુંબ, ધર્મ, શિક્ષણ અને વ્યવસાયને લગતી સંસ્થાઓને પ અસ્થિર બનાવી, કારણકે બ્રિટિશશાસનનું સ્વરૂપ માત્ર રાજકીય અને લશ્કરી ન રહેતાં તેમાં આર્થિક અને સાંસ્કૃતિક આષિપત્યનાં પાસાં પણ ઉમેરાયા. આમ, સમાજજીવનનાં બધાં ક્ષેત્રે આધિપત્યવાદી સંરચનાએ સંસ્થાનવાદનું સ્વરૂપ લીધું. તેથી પ્રણાલિગત સામાજિક સંરચનાને ધક્કો પહોંચ્યો, જેણે નવી સામાજિક ચેતના અને તેને અભિવ્યક્ત કરતાં સાહિત્યને જન્મ આપ્યો.

ગુજરાત અંગ્રેજી સત્તા હેઠળ આવ્યું તે સમયે ઇંગ્લેન્ડમાં પણ ઔદ્યોગિક ક્રાંતિને લીધે ઝડપી પરિવર્તન આવતાં હતાં. રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે આવતાં પરિવર્તનોની સીધી તેમજ પરોક્ષ અસર ભારતમાં પણ વર્તાવા લાગી. ૧૯મી સદીના મોટા ભાગ દરમિયાન બ્રિટનમાં ઉદારમતવાદી વિચારસરણીનું પ્રાધાન્ય રહ્યું હતું. તેની ભૂમિકા ૧૮ મી સદી દરમિયાન રચાઈ હતી. યુરોપમાં ૧૮ મી સદી પ્રબુદ્ધતાના યુગ તરીકે પ્રચલિત બની. આ સદી દરમિયાન ઇંગ્લેન્ડમાં લોક, બર્કલે અને હ્યુમ તેમજ પુરીપ ખંડમાં મૉસ્ક વોલ્ટેર, રૂસો તથા લિગ્નીઝ જેવા ચિંતકોની અસર વિશેષ વર્તાવા લાગી હતી. ફ્રેંચ ક્રાંતિ સાંથે યુરોપીય માનસ પર બુદ્ધિવાદ, લોકશાહી, રાષ્ટ્રવાદ અને વ્યક્તિવાદનો પ્રભાવ પડ્યો. બીજી બાજુ, ભાતિક વિજ્ઞાનના વિકાસ સાથે પ્રાકૃતિક વિશ્વને જોવાની દૃષ્ટિ પણ બદલાવા લાગી. આમ સ્વ, સમાજ અને પ્રકૃતિ સાથેના સંબંધોને જોવાની દૃષ્ટિમાં પરિવર્તન આવવા લાગ્યું એ રીતે જોતાં ઉદારમતવાદી વિચારસરણી એ ઔધોગિક ક્રાંતિને લીધે ઇંગ્લેન્ડમાં આવેલાં રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક તથા આર્થિક પરિવર્તોનું પરિણામ હતું. આ વિચારસરણી હેઠળ શ્રદ્ધા-ધર્મનું સ્થાન પૃચ્છા અને વિજ્ઞાને લીધું, સામાજિક-સામૂહિક પહેલકે સામાજિક અંકુશના ખ્યાલનું સ્થાન વ્યક્તિગત પહેલ અને વ્યક્તિના અધિકારના ખ્યાલે લીધું. આ વિચારસરણી વાસ્તવમાં વ્યક્તિવાદ પર

રચાયેલી હતી, જેમાં વૈચારિક સ્વાતંત્ર્ય સાથે વ્યક્તિની સ્વતંત્રતા તથા સમાનતાનો સમાવેશ થતો હતો. આ વિચારસરણીના પ્રભાવ હેઠળના નવા શિક્ષણ દ્વારા કેળવાયેલી જીવનદ્રષ્ટિએ સામાજિક તેમજ ધાર્મિક સંબંધોને બૌદ્ધિક વૈજ્ઞાનિક અભિગમથી તપાસવાનો પ્રયાસ કર્યો.

બીજી બાજુ પ્રણાલિગત શાસનપદ્ધતિ કરતાં બ્રિટિશ-શાસનપદ્ધતિ તદ્દન અલગ પ્રકારની હતી. આ શાસનપદ્ધતિના માધ્યમ દ્વારા ભારતના વહીવટી, કાનૂની, આર્થિક તથા સાંસ્કૃતિક ઢાંચામાં આમૂલ પરિવર્તન આવવા માંડ્યું. નવી હકૂમતે અમલદારશાહી પર રચાયેલું નવું વહીવટી માળખું દાખલ કર્યું. તેનું સ્વરૂપ કાનૂની-બૌદ્ધિક હતું. આ માળખાકીય સંબંધો વારસાગત ન હતા, પરંતુ કરાર પર આધારિત અને કાનૂનલથી હતા. ફક્ત શિક્ષણ અને ગુણવત્તાને ધોરણે જ અમલદારની પસંદગી થતી હોવાથી તેમાં પ્રણાલિગત વર્ણ, ધર્મ કે જ્ઞાતિનું મહત્ત્વ ઘટવા લાગ્યું. એ રીતે નવું વહીવટીતંત્ર ધર્મનિરપેક્ષ બન્યું. નવી ન્યાયપદ્ધતિ અને કાનૂન- સંહિતામાં માનવીય મૂલ્યોને વધારે મહત્ત્વ મળ્યું. બદલાતી જતી રાજકીય, આર્થિક અને સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં નવા કાયદાઓ ઘડવામાં આવ્યા. સતીનો રિવાજ, ગુલામીપ્રથા અને છોકરી દૂધપીતી' કરવાનો રિવાજ જેવાં અનિષ્ટોને નાબૂદ કરવામાં આવ્યાં. વિધવાવિવાહ અને આંતરજ્ઞાતીય લગ્નને કાનૂની અનુમતિ મળી. સ્વાભાવિક રીતે ઉદારમતવાદી વિચારસરણી હેઠળની વહીવટી-કાનૂની પ્રથાની અસર સામાજિક માળ પર પણ પડવા લાગી. નવા કાનૂનતંત્ર હેઠળ સામાજિક સંબંધોમાં વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમાનતાની પ્રતિષ્ઠ કરવામાં આવી. આ કાનૂની સમાનતાનો ખ્યાલ પ્રણાલિગત વર્ણવ્યવસ્થાને સુસંગત ન હતો. વાં, જ્ઞાતિ કે સંયુક્ત કુટુંબને અનુલક્ષીને રચાયેલા સમૂકેન્દ્રી સમાજને સ્થાને હવે વ્યક્તિકેન્દ્રી સમાજને મહત્ત્વ મળવા લાગ્યું આમ પ્રતિ, જ્ઞાતિ કે બાળધર્મની માન્યતાઓનું મહત્ત્વ ઘટવા લાગ્યું અને નવું શિક્ષણ તેનું પોષક બન્યું.

નવા શિક્ષણના પ્રસારની શરૂઆત ખ્રિસ્તી મિશનરીઓએ કરી હતી. ૧૮૨૦ના ગુજરાતમાં પ્રથમ શિલાછાપખાનું શરૂ થયું. ૧૮૧૨ માં પ્રથમ દસ ગુજરાતી શાળાઓ સ્થપાઈ, જેમાં સુરતમાં ત્રણ, અમદાવાદ તથા ભરૂચમાં બે-બે અને ખેડા, નડિયાદ તથા ધોળકામાં એક-એક શાળા સ્થાપાઈ. મિશનરીઓ દ્વારા સંચાલિત અંગ્રેજી શાળાઓ ઉપરાંત સુરત (૧૯૪૨), અમદાવાદ (૧૯૪૯), ભરૂચ (૧૮૮૯) તથા રાજકોટ (૧૮૫૩)માં અંગ્રેજી શાળા સ્થાપવામાં આવી. ૧૮૫૭માં મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના થઈ, નવું શિક્ષણ બૌદ્ધિક અભિગમ પર રચાયેલું હતું. તેમાં ભૌતિક અને જીવવિજ્ઞાન, ગષ્ઠિત ઉપરાંત ઇતિહાસ, ભૂગોળ, ભાષા-સાહિત્ય તથા અર્થશાસ્ત્ર જેવાં વિષયોનો સમાવેશ થતો હતો. તે બધાં વર્ણ કે શાતિઓ માટે ખુલ્લું હતું. જયારે શિક્ષણ વર્ણવ્યવસ્થાને પોષક હતું. પ્રણાલિગત

સરકારની નવી આર્થિક અને વહીવટી નીતિને પરિણામે શહેરો તથા કસ્બાઓમાં વેપારીઓ, સરકારી કર્મચારીઓ, શિક્ષકો તથા કાનૂની વ્યવસાયમાં જોડાયેલા લોકોનો નવો મધ્યમ વર્ગ અસ્તિત્વમાં આવ્યો. આ નવો મધ્યમ વર્ગ ધર્મ, વર્ણ કે જ્ઞાતિ પર રચાયેલો ન હતો. તે નવા શિક્ષણ પ્રત્યે આકર્ષાયો અને તેની સાથે તે શિક્ષણમાં અભિપ્રેત એવાં પાશ્ચાત્ય સાંસ્કૃતિક મૂલ્યોનો વાહક બન્યો. છાપખાનાં અને રેલવે, તાર-ટપાલ જેવાં સંદેશા-વાહનવ્યવહારનાં નવાં સાધનોએ પુસ્તકો અને સામયિકોના સ્વરૂપમાં નવા વિચારોનો ફેલાવો કર્યો. વ્યવસાયી તરલતાને લીધે પ્રણાલિગત વ્યવસાયો ચોક્કસ જ્ઞાતિ કે વર્ણ પૂરતા મર્યાદિત ન રહ્યા. આમ નવા વહીવટી તથા કાનૂન તંત્રે આર્થિક નીતિ તેમજ શિક્ષણ અને વ્યવસાય જેવાં મહત્ત્વનાં પાસાંને ધક્કો પહોંચાડ્યો.

બ્રિટિશ શાસન સર્જિત આ પરિબળોએ નવી સામાજિક ચેતનાનો સંચાર કર્યો, નવા શહેરી અને મધ્યમ વર્ગીય શિક્ષિતો માટે પ્રણાલિગત સામાજિક સંરચના, તેમણે કેળવેલી નવી માનસિક સ્વતંત્રતાને લીધે, અનુકૂળ ન હતી. તેમના નવા માનસે કુટુંબ, જ્ઞાતિ કે ધર્મને નામે લાદવામાં આવતા અંકુશો સામે બળવો કર્યો. ગુજરાતમાં પ્રથમવાર ૧૮૪૪ થી નવાં મંડળો સ્થાપવામાં આવ્યાં. આ મંડળો જ્ઞાતિ આધારિત ન હતાં. તેમાં જોડાનારા શિક્ષિતો થોડેઘણે અંશે સમાન વિચાર ધરાવતા હતા. સુરતમાં માનવધર્મસભા (૧૮૪૪), અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (૧૮૪૮) અને મુંબઈમાં બુદ્ધિવર્ધક સભા (૧૮૫૦-૫૧) જેવાં બૌદ્ધિક મંડળો સ્થપાયાં. આ મંડળોમાં તે સમયના સામાજિક પ્રશ્નોની ચર્ચા થતી. વિશેષ કરીને સમાજમાં સ્રીનું સ્થાન, કન્યા કેળવણી, બાળલગ્નના અનિષ્ટની નાબૂદી, વિધવાવિવાહ અને દેશાટન જેવા વિષયો પર ચર્ચા થવા લાગી. ધીરે ધીરે આ ઐહિક જાગૃતિએ સુધારા આંદોલનનું સ્વરૂપ લીધું. સુધારા-આંદોલનને રાસ્તગોફતાર(૧૮૫૧), બુદ્ધિવર્ધક ગ્રંથ (૧૮૫૧), બુદ્ધિપ્રકાશ (૧૮૫૪), સત્યપ્રકાશ

(૧૮૫૫) સ્ત્રીબોધ (૧૮૫૭), ગુજરાતી શાળાપત્ર (૧૮૯૨), વિજ્ઞાનવિલાસ (૧૮૯૮) જેવાં સામયિકોએ વાચા આપી અને પાછળથી આ સુધારાપ્રવૃત્તિ અંગે યોગ્ય પરીક્ષણ કરવા જ્ઞાનસુધા, પ્રિયંવદા-સુદર્શન, ગુજરાતી વગેરે સામયિકોએ મહત્ત્વનું યોગદાન આપ્યું.

સુધારા તેમજ સાહિત્યિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલાઓમાં મોટા ભાગના એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ (અને પાછળથી એલ્ફિન્સ્ટન કૉલેજ)ના વિદ્યાર્થીઓ હતા, જેમાં મહીપતરામ, નર્મદ, કરસનદાસ મૂળજી, નંદશંકર મહેતા, નવલરામ પંડ્યા વગેરેનો સમાવેશ કરી શકાય. જોકે મૌલિક વિચારદર્શક એવા દુર્ગારામ મહેતાજી માત્ર મુંબઈની નોર્મલ સ્કૂલમાં તૈયાર થયા હતા. જયારે પ્રણાલિ અને પરિવર્તનને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મુકનાર કવિ અને સુધારક દલપતરામ, અંગ્રેજી શિક્ષણથી વંચિત રહ્યા હોવા છતાં, તદ્દન મૌલિક રીતે તદદેશીય અભિગમથી નવા જીવનનાં મૂલ્યોને આત્મસાત કરવાની સાહિત્યિક શૈલી કેળવી હતી. બીજી બાજુ ભોળાનાથ સારાભાઈ જેવા નિવૃત્ત સરકારી અમલદારે પણ ધાર્મિક અને સામાજિક સુધારાપ્રવૃત્તિમાં મહત્ત્વની ફાળો આપ્યો.

સ્વાભાવિક રીતે સુધારકોનું માનસ પશ્ચિમી સમાજના નવા સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવાહોથી પ્રભાવિત થયું હતું. તેમની મધ્યમવર્ગીય સમાજ-સુધારાની પ્રવૃત્તિ, અને તેમના દ્વારા લખાયેલી નવી સાહિત્યિક કૃતિઓ એકબીજાને પૂરક બની. અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો તેમ જૂના ગુજરાતી સાહિત્યનું પદ્યસ્વરૂપ પર્ણ અશે આત્મલક્ષી હતું, જે તે સમયની સામાજિક સંરચનાને પ્રતિબિંબિંત કરતું હતું, જ્યારે ઝડપી પરિવર્તન પામતી સામાજિક સંરચનાના પ્રતિયોષરૂપ નવું સાહિત્ય વિવિધ ગદ્ય અને પદ્ય ગલીઓ દ્વારા નવી સામાજિક સંરચનાને પ્રગટ કરવા માગતું હતું. તેનો પ્રધાન સુર વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાનતાનો હતો. સુધારાપ્રવૃત્તિ અને નવા સાહિત્યની અભિવ્યક્તિના કેન્દ્રમાં વ્યક્તિની વિભાવના હતી, પ્રણાલિગત સામાજિક સંચનામાં વ્યક્તિનું સ્થાન જ ન હતું. સમૂહકેન્દ્રી સમાજવ્યવસ્થામાં મનુષ્યનું સ્થાન વ્યક્તિ તરીકે નહીં બ કોટુંબિક કે જ્ઞાતિના સંદર્ભમાં જ નક્કી થયું હતું. સામાજિક અંકુશમાંથી મુક્તિ મેળવવાનો પ્રયાસ કરતા નવા શિક્ષિત વર્ગ હવે વ્યક્તિ તરીકે સ્વને, કુટુંબ-જ્ઞાતિ કે સમાજને તથા પ્રકૃતિને જોવા અને સમજવા જે કોષ કર્યો તેના પ્રથમ સ્પંદન ઝીલનારાઓમાં નર્મદ આગળ પડતો હતો. પ્રકૃતિ અને માનવી-માનવી વચ્ચેના સંબંધોને ઊર્મિ તથા બૌદ્ધિક સ્તરે મુક્ત વાચા આપવા શહેરી એવા 'એંગ્રીયંગ મેન' નર્મદે પહેલ કરી ત્યારથી પ્રણય-પ્રકૃતિ, દેશ- ભક્તિ અને ચિંતનપ્રચુર ગદ્ય-પદ્યના વિવિધ પ્રકારોએ નવા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવા ડગ માંડ્યાં. નિબંધ, ચરિત્ર, નાટક, નવલિકા, ઐતિહાસિક નવલકથા જેવા ગંધના વિવિધ પ્રકારો તેમજ ઊર્મિકાવ્યોએ હમણાં સુધી દબાયેલી સામાજિક ચેતનાને વ્યક્તિ તરીકે વાચા આપી.

એ ભૂલવું ન જોઈએ કે ઇંગ્લેન્ડ અને યુરોપના બીજા દેશોમાં આવેલા રાજકીય અને આર્થિક પરિવર્તનોએ ત્યાંના સમાજને પણ આંચકા આપ્યા હતા. ઔદ્યોગિક ક્રાંતિના પ્રભાવ હેઠળ ઇંગ્લેન્ડની પાર્લમેન્ટના ૧૮૩૨ અને ૧૮૬૭માં પ્રતિનિધિત્વને લગતા સુધારા દાખલ કરવામાં આવ્યા હતા. ઝડપી ઔદ્યોગિકરણને લીધે સામાજિક ક્ષેત્રે તેમજ ગામડાં-શહેરો વચ્ચે અસમતુલા સર્જાઈ હતી, ચાર્લ્સ ડીકન્સની કૃતિઓમાં વિષાદ સાથે વ્યંગ શૈલીમાં માનવતાવાદી સંવેદના પ્રગટ થતી જોવા મળે છે, તો બાયરન, શૈલી, કીટ્સ કે વર્ડ્ઝવર્થની કવિતાઓમાં ૧૮મી સદીના બુદ્ધિવાદ સામેના પ્રત્યાઘાતરૂપ ઊર્મિજગત અને પ્રકૃતિપ્રેમને વાચા આપવામાં આવી હતી. નવા ગુજરાતી સાહિત્યકારો પર બેકન, એડિસન, સ્ટીવ અને મેકોલે જેવા અંગ્રેજ લેખકો કે ચિંતકોની અસર વર્તાય છે. જ્યારે સુધારક તરીકેની તેમના ચિંતન પર જેરેમી બેન્થામ (૧૭૪૧-૧૮૩૨), તેન સ્ટુઅર્ટ મીલ (૧૮૦૯-૧૮૭૩) તથા હર્બર્ટ સ્પેન્સરનો પ્રભાવ વર્તાય છે. જેરેમી બેન્થામે ‘ઉપયોગિતાવાદ’ પર ભાર મૂક્યો હતો. જ્યારે બ્રેન સ્ટુઅર્ટ મીલે “નવ-ઉપયોગિતાવાદ” સાથે રાજયના માર્ગદર્શન હેઠળ મુક્ત વ્યાપારના ખ્યાલ રજૂ કર્યા. તેણે સિસ્ટમ ઓફ લોજિક' (૧૮૮૩), ‘પ્રિન્સિપલ્સ ઓફ પોલિટિકલ ઇકોનોમી (૧૮૪૮), ‘ઓન લિબર્ટી' (૧૮૪૩), 'પ્રિન્સિપલ્સ ઓફ પોલિટિકલ ઇકોનોમી (૧૮૪૮), “ઓન લિબર્ટી' (૧૮૫૯) તથા ‘સબજેકશન ઓફ વિમેન' (૧૮૬૯) જેવાં લખાણો દ્વારા વ્યક્તિસ્વાતંત્ર્ય, સમાનતા તથા નાગરિક સ્વતંત્રતા પર ભાર મૂક્યો, ૧૮૫૯માં ડાર્વિને જીવવિજ્ઞાનક્ષેત્રે સંશોધન કરીને ઉત્ક્રાન્તિના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું, જયારે હર્બર્ટ સ્પેન્સરે ઉત્ક્રાન્તિવાદનું સામાજિક સંદર્ભમાં સમર્થન કર્યું. આ ચિંતકોના લખાણની અસર ગુજરાતના બૌદ્ધિકો પર પડી. સમાજસુધારાની તરફેણમાં તેમજ વિરુદ્ધમાં આ લખાણોનો ઉપયોગ કરવામાં આવ્યો. આમ નવી યુગચેતનાને ગુજરાતી સાહિત્યે પોતાના સામાજિક અને માનસિક સંદર્ભમાં ઝીલવાનો પ્રયાસ કર્યો. પશ્ચિમના સમાજમાં નવાગૃતિ અને ધર્મસુધારણાના આંદોલન સાથે મનુષ્ય વિશેના ખ્યાલમાં પણ

પરિવર્તન આવતાં જતાં હતાં. આ આંદોલને પરલોકને બદલે ઇલોકમાં મનુષ્યની પ્રતિષ્ઠા કરી. ૧૭ મી સદી દરમિયાન તેને નૈતિક માનવી તરીકે ઓળખવામાં આવ્યો, ૧૮ મી સદી દરમિયાન તેને બૌદ્ધિક માનવી તરીકે જોવામાં આવ્યો. જ્યારે ૧૯મી સદી દરમિયાન તેને બૌદ્ધિકતાના વિકાસના સંદર્ભમાં ઉત્ક્રાંતિવાદી વિભાવનાથી તપાસવામાં આવ્યો. આમ મનુષ્યની છબી અનેકવિધ પરિબળોને લીધે બદલાવા લાગી. સાહિત્ય આ છબીને સ્વ, સમાજ અને પ્રકૃતિના સંદર્ભમા વધારે સૂક્ષ્મ રીતે છતી કરી.

અગાઉ ઉલ્લેખ થયો તેમ સુધારાયુગના સાહિત્યનો મુખ્ય ઝોક સામાજિક ક્ષેત્રે મનુષ્યની વ્યક્તિ તરીકેની વિભાવના ઉપસાવવાનો હતો. હાઈસ્કૂલ સુધી શિક્ષણ પામેલા મોટા ભાગના સુધારકો સાહિત્યકારો પાસે તજ ભારતના સામાજિક વિશ્વદર્શન નો અભાવ હતો. પશ્ચિમના સામાયિ વિશ્વદર્શનના થોડાઘણા પ્રભાવ હેઠળ તેમણે ધર્મ જ્ઞાતિ-કુટુંબ કે વ્યવસાયને નામે અંકુશ ધરાવતી પ્રણાલિગત સામાજિક સંરચનાને પડકારીને બ્રિટિશ સંસ્થાનવાદી વિભાવનાને પરોક્ષ રીતે અનુમોદન આપ્યું. સ્વાભાવિક રીતે તેને લીધે આવેલાં પરિવર્તનોએ શહેરી-મધ્યમવર્ગીય સમાજમાં એક પ્રકારની અસ્થિરતા સર્જા, મહારાષ્ટ્ર લાયબલ કેસ (૧૮૬૧-૬૨) અને વિધવાવિવાહ માટેનું આંદોલન તેનાં દૃષ્ટાંત છે. આમ ઝડપી પરિવર્તનો સાથે વ્યક્ત થતી યુગચેતનાનો પ્રભાવ 'પંડિતયુગ' પહેલાં ગુજરાતી સાહિત્યનાં નવા સ્વરૂપોમાં ઝિલાયો. તેની સાથે સામાજિક જીવનમાં થોડીક વિકૃતિઓ પણ આવી, તે માટે બ્રિટિશશાસને સર્જેલાં પરિબળો પણ જવાબદાર હતાં. પ્રણાલિગત સમાજ નવાં પરિવર્તનોને સાહજિક રીતે ન જ સ્વીકારે. તેથી 'સામાજિક વિકૃતિ' અંગેની દૃષ્ટિકોશ પ્રણાલિગત સમાજ માટે પરિવર્તન પામતા સમાજ માટે સાપેક્ષ રહ્યો. તેમ છતાં નવી સર્જાયેલી માનસિક આબોહવા સમયપટના જુદા જુદા તબક્કાઓમાં નવજીવનરૂપ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તેનું નિરૂપણ તે સમયના સુધારક, કવિ અને સાહિત્ય વિવેચક નવલરામ લક્ષ્મીરામ પંડ્યાએ 'સુધારાનું ઇતિહાસરૂપ વિવેચન'નામના તેમના લેખ (૧૮૮૦-૮૧)માં સુંદર રીતે કર્યું છે.

નવલરામની દ્રષ્ટિએ "સુધારાનો મંદમંદ પણ સતત પ્રવાહ ચાલ્યો જાય છે. પણ તે દેશકાળને પ્રતાપે, સુધારાવાળાના જેરથી નહીં." ઐતિહાસિક સંદર્ભ તપાસતાં નવલરામ લખે છે કે "ઇતિહાસવેત્તાઓ જાણે છે કે કહેવાતા અગ્રણીઓ વસ્તુતઃ તો સમયનાં જ પૂતળાં છે અને તેની સઘળી શક્તિ પ્રસિદ્ધિ સમયના બળને પરાવર્તન પમાડવામાં જ રહેલી છે". નવલરામે સુધારાની જીવન-શક્તિ તરીકે અંગ્રેજી કેળવણીને ગણી છે. સુધારાનો આરંભ નવા શિક્ષણ સાથે થયો. શિક્ષિતો નવાં મૂલ્યોને અનુલક્ષીને સામાજિક સંબંધો રચવા માગતા હતા. સ્વાભાવિક રીતે નવી માનસિક જાગૃતિએ "પુનર્જીવનનું પ્રથમ ચાંચલ્ય" હતું. નવલરામે પ્રથમવાર પરોક્ષ રીતે પશ્ચિમના સામાજિક વિશ્વવદર્શનના કેટલાક અંશોનો ખ્યાલ આપ્યો હતો. જેની વિશદ્ ચર્ચા પંડિતયુગના સાહિત્યમાં જોવા મળે છે.

"પુનર્જીવનનું પ્રથમ ચાંચલ્ય"નાં કારણો અને સ્વરૂપની ચર્ચા કરતાં નવલરામ લખે છે કે "આ નવુંરૂડું શુભ ચાંચલ્ય શી રીતે આવ્યું અને આવ્યું તો તેણે છેક ઉચ્છેદક રૂપ શા માટે પકડ્યું તે જાણવા માટે અંગ્રેજીવિદ્યાની મન પર અસર તથા આપણા લોકની ત્રિવિધ વર્તમાન સ્થિતિ બરાબર જાણવી જોઈએમાટે અંગ્રેજી વિદ્યાની મોટી મોટી બે-ચાર અસર તપાસવી જોઈશું તે બસ છે."

નવલરામ મુજબ જગતનું સામાન્યજ્ઞાન' આ અંગ્રેજી કેળવણીનો પહેલો ખુલ્લો લાભ છે. પાદટીપમાં તે પહેલાં સ્પષ્ટતા કરતાં નવલરામ લખે છે કે 'પ્રાચીનકાળમાં અલબત્ત આપણે આવા બેખબર નહોતા તોયે તે સમયે પણ જગદ્જ્ઞાન કરતાં આત્મજ્ઞાન તરફ આપણું વલણ વધારે હતું." અંગ્રેજી કેળવણી આવી તે સમયે આપણા લોક કેટલીક વિદ્યાકળામાં કદાપિ જોઈએ તેવા નિર્ણ, શાણા, સમજુ, ભલાને વ્યવહાર કુશળ હતા, તોપણ તેમને પૃથ્વીનું, આપણી આસપાસના દેશનું, પોતાના જ દેશનું અને અરે ! પોતાના જ ગામની અનેક વસ્તુઓ સંબંધી ખરું જ્ઞાન થોડું, બહુ થોડું, શૂન્ય જ હતું એમ કહીએ તો ચાલે, ચીન, વિલાયતનાં નામ જાણીતું પણ તે ક્યાં હશે તેનો સ્વપ્નામાંયે ખ્યાલ નહોતો.

નવલરામે નવી કેળવળીની બીજી અસર તરીકે બુદ્ધિવાદનો ઉલ્લેખ કર્યો છે. 'તેણે(બુદ્ધિવાદે) યુરોપની રહેણીકહેલી રાજ ને ધર્મ પર્યંત તમામ ઉથલાવી નાંખ્યું છે, અને હાજી વધારે ઉથલાવવા મંડ્યો જ છે.... આ રીતે જગતનું ભાન થયું અને બુદ્ધિનો આપેવ ઊઠશો કે સુધારાનો સૂક્ષ્મદેહ બંધાઈ ચૂક્યો એમ સમજવું. હવે તેને અવતાર પામવા તેનામાં ભાવ અને રાગવૃત્તિ ઊઠવાની જ જરૂર છે, અને અંગ્રેજી સાક્ષરતામાંથી જ પુષ્કળ મળી આવે છે." અંગ્રેજી કેળવણીની ત્રીજી અસર તરીકે નવલરામ જનસામાન્યભાવને ગણે છે. આ ભાવ "એટલે સઘળાં માણસ સરખાં છે, સઘળા હક્ક સરખા છે, નીચઊઁચ કોઈ નથી, બધા એક પરમેશ્વરના બચ્ચાં-ભાઈઓ છે. આપણા લોકમાં અસલથી જનવિરોધભાવ જ માનવા, સમજવા તથા વર્તવામાં બહાર પડતો આવ્યો છે. જેના પૂર્વસંસ્કાર ઉત્તમ તે

ઉત્તમ પદ પામે એમાં શું આશ્ચર્ય એમ આપણે પરંપરાથી સમજતા આવ્યા છીએ. આ સમજથી આપણા લોક સઘળી સ્થિતિમાં સંતોષી રહે છે ને તેમાંથી છૂટવા કોઈ પણ મંથન જ કરતા નથી.

સ્વાતંત્ર્યભાવ એ નવી કેળવણીની ચોથી અસર છે. જેને નવલરામ જનસામાન્યભાવનું જ પરિણામ ગણે છે. "વળી એ ભાવ (સ્વાતંત્ર્યભાવ) તો પ્રાણીમાત્રને સ્વાભાવિક છે. પણ આપણી જૂની કેળવણી તેને નરમ પાડવા તરફ હતી, ને યુરોપની તેને ખંતથી પાળેપોષે છે." જગતનું સામાન્યજ્ઞાન અને બુદ્ધિવાદના પરિણામે ઊતી પાંચમી અસર તરીકે નવલરામ રાગવૃત્તિને ગણે છે. તેનો ઉલ્લેખ કરતાં ઉમેરે છે કે "રાગવૃત્તિ મૂળ મનુષ્યમાત્રને બાઝેલી તો છે જ અને તેને અંગ્રેજી કેળવણી વધારે છે. વિરાગ (જેના પર કવિ નર્મદ પાછલી અવસ્થામાં વધારે ભાર મૂકે છે) એ વસ્તુ જ યુરોપના આધુનિક સુધારામાં નથી અને કોઈ ખૂણામાં તે કાંઈ દેખાય તો તે અર્થવાદી હશે પણ મોક્ષમાર્ગી તો નહીં જ. અહીં નવલરામ બહુ સૂચક રીતે પશ્ચિમના સામાજિક વિવિધદર્શનનો પરોક્ષ રીતે નિર્દેશ કરતાં લખે છે કે "ત્યાંના અધ્યાત્મ ધર્મ, અર્થ ને કામ એ ત્રણ પદાર્થ જ વત્તા ઓછા દીઠા છે." આ રાગવૃત્તિ માણસમાં નાના પ્રકારની વાસનાઓ ઉત્પન્ન કરી તેને અચૂક ઉદ્યોગમાં પ્રેરે છે. એ રીતે નવલરામ મુજબ "ઉદ્યોગપ્રતીતિ એ અંગ્રેજી કેળવણીની છેલ્લી મોટી અસર છે". આપણે દેવવાદને દેવપ્રતીતિમાં શયન કર્યું હતું તેને આણે આવી એકદમ જગાડ્યા છે." "આ રીતે નવાં જ્ઞાન, બુદ્ધિ, ભાવ, વૃત્તિને પ્રતીતિએ સઘળાં આપણી જૂની વાતોથી વિરુદ્ધ; અને પોતાનું અમલમાં આણવા તલવાર પકડી ઊભાં રહેલા છે. આવા વિરલ યોગાનુયોગે સુધારો ઊભો થયો ને તે ઉચ્છેદકરૂપ પકડે એમાં શું આશ્ચર્ય ?.... આવા રૂપાંતરને સમયે માણસ નવીન વિચાર બાંધે; બાંધેલા ફેરવે, ફેરવીને પાછા ઠેકાણે આવે, એવા અનેક ચમત્કારો સ્વાભાવિકપણે થાય તે જોઈ આપણે ચકિત કે કોપિત થવું જોઈએ નહીં."

આમ અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં સુધારાયુગ તરીકે આલેખાતા તબક્કા દરમિયાન બ્રિટિશશાસનને પરિણામે ગુજરાતનો શિક્ષિત વર્ગ પોતાની સાથેના , સમાજ સાથેના અને પ્રકૃતિ સાથેના સંબંધોને નવી યુગચેતનાના સંદર્ભમાં શરૂઆતમાં ભય, શંકા અને આશ્ચાર્ય સાથે અને ત્યાર પછી નવા આત્મવિશ્વાસ અને આશા સાથે જોવા લાગ્યો. તેનો પ્રતિભાવ વિવિધ સ્વરૂપો યુક્ત સુધારાયુગના સાહિત્યમાં પડ્યો. એ રીતે પ્રણાલિગત સામાજિક સંરચના સાથે સાથે નવી સામાજિક સંરચના પણ આકાર લેવા લાગી, જેનો ખ્યાલ વૈચારિક અને સાહિત્યિક અભિવ્યક્તિની નવી સંરચના દ્વારા પ્રગટ થાય છે.

**સંદર્ભ સાહિત્ય**


1. દેસાઈ એ.આર.,'સોશિયલ બેકગ્રાઊન્ડ ઓફ ઈંડિયન નેશનાલીઝમ' ચોથી આવૃતિ,મુંબઈ,૧૯૬૬.
2. મુખત્યાર જી.સી., 'લાઈફ એન્ડ લેબર ઈન એ સાઉથ ગુજરાત વિલેજ'મેંગ્લોર,૧૯૩૦
3. મહેતામકરંદ, "ગુજરાતમાંસામાજિકપરિવર્તનઅનેઅસ્પૃશ્યો'અર્થાત'પ્ર.૧ ,અંક૧,ઓક્ટોબર,૧૯૮૧
4. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ (સંપા.)પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગ્રંથ ૭,અમદાવાદ ,૧૯૮૦
5. રાવલ આર.એલ.,'સોશિયો રિલિજિયસ રિફોર્મ મુવમેન્ટસ ઈન ગુજરાત,દુરિંગ ધીનાઈંટીંથ સેંચુરી' પી.એચડી.મહાનિબંધ,ગુ.યુનિ.અમદાવાદ,૧૯૮૩
6. ત્રિવેદી સ્વ.નવલરામ જગન્નાથ, 'સમાજસુધારાનું રેખાદર્શન',ગુજરાત વિદ્યાસભા,અમદાવાદ,દ્વિતીય આવૃત્તિ,૧૯૭૪
7. મહેતા ઈશ્વરલાલ મણીલાલ 'અમદાવાદ દશાનાગર વાણિક'
8. દેસાઈ.એ.આર.,'ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકામાં'અમદાવાદ, ૧૯૮૯
9. મહેતામકરંદ, 'હિંદુવર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો' અમદાવાદ, ૧૯૯૫
10. શાહઅંજનાબી., 'સમાજ સુધારણામાં ગાંધીજીનું પ્રદાન' અમદાવાદ,૧૯૮૧
11. બુદ્ધિપ્રકાશ,ઈ.સ.૧૮૫૪-૧૯૦૦
12. ગુજરાત વર્નાક્યૂલર સોસાયટીનો ઈતિહાસ ભાગ-૧ થી૩,અમદાવાદ,૧૯૩૩.



**પ્રો. સૂર્યકાન્ત ડાહ્યાભાઈ પટેલ**

શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજ,

ગીતા મંદિર રોડ, અમદાવાદ -380022.